સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બેદરકારીથી અડશો જ્યાં ને ત્યાં, ચેપ લાગશે,
'અછૂત'ની શંકાસ્પદ નજરનો, લેપ લાગશે,
ખેપ થઈ જશે શરૂ - દવાખાનાંને તબીબોની -
આ, છે કોરોનાનો 'રોગી' સરકારી છાપ લાગશે...

હાઈકુ

ચેપી તણખો!
દઝાડશે દુનિયા -
થશે સૌ ભસ્મ...

જાત ની નહીં -
ચિંતા કરો સહુની -
ફરજ સૌની...

ચિંતન

પ્રથમે નાર્જિતા વિદ્યા, દ્વિતીયે નાર્જિતમ્ ધનમ્ ।
તૃતીયે નાર્જિતો ધર્મો, ચતુર્થે કિમ્ કરિષ્યતિ ?? ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જીવન ચાર આશ્રય છે અને ચારે આશ્રમના કર્તવ્યોની આ સુભાષિતમાં વાત કરવામાં આવી છે. જીવનનાં સૌ વર્ષ ગણવામાં આવે છે એમાં પ્રથમ તબક્કો પચ્ચીસ વર્ષનો પ્રથમ આશ્રમનું નામ બ્રહ્મચર્યાશ્રમ છે. એમાં વિદ્યાર્થીનું કર્તવ્ય છે અભ્યાસ - વિદ્યા પ્રાપ્ત કરવાનું. હવે જો આ તબક્કામાં વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ ન કરે અને પાન-મસાલામાં રવાડે ચડી જાય તો ?

બીજો આશ્રમ ગૃહસ્થાશ્રમ છે. માનવીએ પચાસ વર્ષ સુખી સખત-સખત પરિશ્રમથી નોકરી ધંધા સાથે ગૃહસ્થાશ્રમ સંસારની જવાબદારી બજાવવી જોઈએ. આ આશ્રમમાં ખોટી દોડધામ અને ખોટી જવાબદારી જ કરી હોય તો ?

ત્રીજા વાનપ્રસ્થાન આશ્રમમાં નિવૃત્તિઓ અને ધર્મ, સત્સંગ, આધ્યાત્મ, ચિંતન કરવું જોઈએ અને ચોથો આશ્રમ સંન્યાસાશ્રમ છે. ત્રણ આશ્રમમાં કઈ ન ઉકાળ્યું હોય તો સન્યાસવૃત્તિ અને સમજ ભાન આવતા જ નથી. વિદ્યા હોય, કુટુંબીજનો માટે બચત હોય, જ્ઞાન સાથે ધર્મસિંતન હોય તો સંન્યાસ દીપી ઊઠે છે.

સુવિચાર

- આદમી બડા હો યા છોટા, કોઈ ફરક નહીં પડતા,
  ઉસકી કહાની બહી હોની ચાહીયે - **આદિત્ય કુમાર**
- જો બધા માણસો નવા ટીવીને બદલે શાંતીની ઈચ્છા રાખશે તો શાંતિ સ્થપાશે - **જહોન લેનન**
- સુખ એવા બારપણેથી પ્રવેશે છે જે તમે ખુલ્લું તો રાખ્યું છે,
  પરંતુ તેની તમને જાણ નથી - **રોહન્ડા બાયર્ન**
- જે મદદ કરવાનું હૃદય ધરાવે છે તેને જ ટીકા કરવાનો અધિકાર છે - **લિંકન**
- અમે આ આહાર અમારા સુધી પહોંચાડનારા ઘણા બધા લોકોનો આભાર
  માનીએ છીએ - **ઝેન પ્રાર્થના (ભોજન સાથે)**
- 'બોધિ' એટલે અંતરનું અજવાળું, જ્ઞાન પ્રાપ્તિ કે જાગૃતિ - **જીવન પાથેય**
- આજનું ઔષધ : નરણે કોઠે પચ્ચીસ ગ્રામ જેટલા તલ ગોળ સાથે ખૂબ ચાવીને ખાવાથી મસામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ધનવાનને એક દીકરી અને ત્રણ દીકરા હતા. દીકરીના લગ્ન પછી ત્રણે દીકરા એવી કોશિશ કર્યા કરતા કે પિતાજીને હું સૌથી વધુ ચાહું છું... અને આપની સૌથી વધુ સંભાળ લઉં છું એટલે આપનો સૌથી યોગ્ય વારસદાર હું જ છું. ધનવાનને દીકરાના વર્તનથી ખ્યાલ આવી ગયો હતો કે દીકરા શું કહેવા, શું જતાવવા માંગે છે. એક દિવસ ધનવાનનું મૃત્યુ થયું અને અંતિમયાત્રાની તૈયારી થઈ. સ્મશાને જવાની તૈયરી જ હતી એવામાં એક અજાણ્યો માણસ આવ્યો અને એણે કહ્યું, 'હું શેઠજીની અંતિમયાત્રા ત્યાં સુધી નહીં જવા દઉં જ્યાં સુધી મને મારા પંદર લાખ રૂપિયામાં જે મેં શેઠને જ શેઠને ઉધાર આપ્યા હતા. તે મળી જાય. એ રકમ મને મળશે તો જ શેઠને સ્મશાને લઈ જવા દઈશ. ત્રણે દીકરા ગુસ્સામાં બોલ્યાં, 'અરે પિતાજીએ અમને કદી આવા ઉધાર રકમ વિશે માહિતી જ આપી નથી. તો અમને આ પૈસા કેવી રીતે તમને આપી શકીએ ?' આ અજાણ્યા માણસની વાતો સાંભળી દીકરી આગળ આવી તેણે પેલા માણસને પોતાના પહેરેલા ઘરેણા ઉતારી આપીને કહ્યું, 'ભાઈ, મારી પાસે થોડા રોકડા રૂપિયા પણ છે જે હું તમને આપી દઈશ એ ઉપરાંત પણ મારી પાસે જે કંઈ છે તે આપીને હું તમારું દેવું મારા મૃત્યુ પહેલા જરૂરી ચૂકતે કરી આપીશ. હું આ સેઠની પુત્રી છું. મારા પિતાને સ્મશાને લઈ જવા દો.' પેલો માણસ મૂછમાં હસ્યો અને બોલ્યો, 'મને આજે શેઠજીનો અસલી વારસદાર મળી ગયો. શેઠજી કાયમ આ મૂંઝવણમાં જીવતા હતા કે મારો સાચો વારસદાર કોણ હોવો જોઈએ અને એમણે જ આવો પ્રસંગ ઊભો કરી સાચો વારસદાર નકકી કરવાની મદદ કરવા કહ્યું હતું.' સાર એટલો જ જેણે કર્તવ્યનું પાલન કર્યું હોય તે જ હક, અધિકાર માંગી શકે છે.

સેવા ગુજરાતના સંસ્કાર છે

તંત્રીસ્થાનેથી...

ગુજરાતમાં કોરોનાનો કેર ફેલાઈ ન જાય એની કાળજી રાખનારા બે અધિકારીઓ લોકનાયકની કક્ષાએ પ્રજામાં પ્રસરી ગયા છે. શ્રીમતી જયંતિ રવિ આરોગ્ય વિભાગનાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે ગુજારતની આમ જનતાને જે રીતે કોરોનામુક્ત રાખવા ઝઝૂમી રહ્યા છે એથી તો એમ જ લાગે કે આઈએએસ કક્ષાના સનદી અધિકારીઓ વિશે અત્યાર લગી જે ખ્યાલો બંધાયા છે તે પાયાવિહોણા છે. સંવેદનશીલ અધિકારી કોને કહેવાય એનું એક અપ્રતિમ ઉદાહરણ શ્રીમતી જયંતિ રવિએ આ દિવસો દરમિયાન એમની આગવી લોકાભિમુખ કામગીરી નિમિત્તે પૂરું પાડ્યું છે. તેઓ માત્ર સનદી અધિકારી જ નથી, શ્રેષ્ઠ કલામર્મજ્ઞ છે. શાસ્ત્રીય નૃત્ય અને ગાયન સાથે એમનો નાભિનાળ સંબંધ છે. વળી સંસ્કૃત ગ્રંથોનાં અભ્યાસી હોઈ પૂ. મોરારિબાપુના સીતારામ સેવાટ્રસ્ટ દ્વારા આયોજિત સંસ્કૃત પર્વમાં પણ તેઓ વારંવાર વ્યાખ્યાન આપવા નિમંત્રિત થતાં રહ્યાં છે. ગુજરાત રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ એક શિસ્તબદ્ધ પોલીસ અધિકારી તરીકે કોરોનાનો ફેલાવો અટકે એ માટે કડકાઈપૂર્વક લોકડાઉનના આદેશોનું પાલન કરાવીને ઉત્તમ કામગીરી બજાવી છે. વારંવાર ગુજરાતની પ્રવર્તમાન પરિસ્થિતિનો સાચો અહેવાલ રજૂ કરવા ઉપરાંત તેઓ ચિઠ્ઠી-ચપાટીઓ અને ભલામણોના આધારે ઘર બહાર નીકળી સગાં-સંબંધીઓ કે મિત્રોને મળવા માગતા લોકોને એમનાં વાહનો જપ્ત કરીને, કાયદાનો ભંગ કરવા બદલ દંડ વસૂલીને તથા અધવચ્ચેથી આવા લોકોને પાછા વાળીને સ્તુત્ય અને સરાહનીય કદમ ઉઠાવતા રહ્યા છે. ગુજરાતમાં તબલીગી જમાતના કારણે ઊભી થયેલી પરિસ્થિતિનો પણ પોલીસખાતાએ કડકાઈથી સામનો કર્યે છે. તબલીગીઓને પકડીને ક્વોરન્ટાઈન કરવા ઉપરાંત એમના કારણે અસંખ્ય લોકોને લાગેલ ઈન્ફેકશન હવે ત્રીજા તબક્કે પહોંચી ગયું છે ત્યારે પોલીસની કડકાઈ ખૂબ જરૂરી જ નહીં, અનિવાર્ય બની રહે છે. અમદાવાદ કોરોનાનું હોટસ્પોટ બની ચૂક્યું હોઈ ગુજરાતને એકવીસ દિવસના લોકડાઉન પછી પણ ઘણું નિયંત્રિત કરવું પડશે તે નક્કી છે. આ કાર્ય માત્ર પોલીસ જ કરી શકે એમ છે. પોલીસના જવાનો જોખમ વહોરીને પણ ચોવીસે કલાક ખડેપગે રહે છે તે ગુજરાત પોલીસની કાર્યદક્ષતા અને કર્મઠતાની જ ફલશ્રુતિ છે. હવે જયારે દેશમાં છેલ્લા એક જ દિવસ દરમિયાન પોઝિટિવ થનાર કેસોમાં ઉછાળો વરતાયો છે, દેશમાં સંક્રમિતોની સંખ્યા ચાર હજારનો આંકડો સ્પર્શવાની તૈયારી છે અને મૃત્યુઆંક સવાસોએ પહોંચવાની તૈયારી છે ત્યારે વધુ ગંભીરતાપૂર્વક લોકડાઉન નિયમો પાળવા તે આપણા સૌના હિતમાં હશે. અમેરિકા અને યુરોપમાં લાશોના ઢગ ખડકાઈ ગયા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ભારતના વડાપ્રધાન પાસે મેલેરિયા માટેની દવા ક્લોરોક્વીનની માગણી કરી રહ્યા છે તે જ શું એ મહાસત્તાની મજબૂરીનું પ્રમાણ નથી ? કોરોના સામે પોતાની અંતર્નિહિત ઈમ્યુનિટીને લીધે ભારતીય જનસમુદાય ઝઝૂમી રહ્યો છે તે જુદી વાત છે. પરંતુ જો ત્રીજાથી ચોથા સ્ટેજમાં સંક્રમણ પહોંચી જશે તો આપણી દશા અમેરિકા અને યુરોપ કરતાં પણ બદતર થઈ શકે છે. કોરોના દીવા કરવાથી કે ધ્યાનમુદ્રામાં બેસવાથી ભાગી જાય એવું વાઈરસ નથી. એની રશી વેળાસર શોધી કાઢવી પડશે. દરમિયાન જે તબીબી સમુદાય અને પેરા મેડિકલ સ્ટાફ કે પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો જીવના જોખમે કોરોના જંગ લડી રહ્યા છે એમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ. અનેક મહાજન સંસ્થાઓ, એનજીઓ અને સંવેદનશીલ વ્યક્તિઓ ભૂખ્યા-દુખ્યા દેશબાંધવોની સેવામાં ખડેપગે ઊભા રહી માનવતાનું ઉચ્ચ દૃષ્ટાં પૂરું પાડી રહ્યા છે ત્યારે, રામનવમી, મહાવીર જયંતી અને હનુમાન જયંતી જેવા ત્રિવેણીપર્વો ટાણે પરમ ચેતનાને પ્રાર્થના કરીએ કે આ આપદકાળનો સવેળા અંત આણવાની કૃપા કરે.

રાજયની સલામતી માટે નાગરીકોના હક્ક ઉપર પ્રતિબંધ રાજય સરકાર મુકી શકે છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતએ વૈવિધ્યસભરતા ધરાવતો બીનસાંપ્રદાયીક ભાતીગળ વિવિધતા ધરાવતો એક માત્ર લોકશાહિ દેશ છે. જેમાં બંધારણની કલમ ૧૯ મુજબ વ્યક્તિ સ્વતંત્રતા બક્ષવામાં આવી છે તો બંધારણની કલમ ૧૯(૨) મુજબ તેમાં સુધારા કરી પ્રતિબંધ પણ મુકવાની રાજયને સત્તા આપવામાં આવેલ છે.

રાજયની સલામતી માટે નાગરીક સ્વતંત્રતાના હક્ક ઉપર પ્રતિબંધ મુકતો કાયદો કરવાની રાજયને છુટ છે તેમજ ખુન જેવા હિંસક ગુન્હાઓ માટે લોકોને ઉસ્કેરે તેવા ભાષણો ઉપર પ્રતિબંધ મુકતો કાયદો તેમજ તેના ભંગ બદલની શિક્ષાની જોગવાઈ કાયદેસર છે.

સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે મૈખીક કે લેખીત શબ્દો દ્વારા કોઈપણ વ્યક્તિ કાયદેસરરીતે સ્થાપવામાં આવેલી સરકાર પ્રત્યે દ્વેષભાવ ઉત્પન્ન કરે કે સરકાર પ્રત્યે તિરસ્કાર જન્માવવાના પ્રયત્નો કરે તો તે આઈપીસીની કલમ ૧૨૯(અ) મુજબ શિક્ષાને પાત્ર બને છે. હિંસાનો આશરો લઈ જાહેર શાંતિને ખલેલ પહોંચાડે કે અરાજકતા, ગેરવ્યવસ્થા સર્જે તેવી પ્રવૃત્તિઓ કરવી તથા તેનો પ્રચાર કરાવવો, લોકોને ઉસ્કેરવા શિક્ષા પાત્ર ગુન્હો બને છે.

તેજ રીતે વિદેશી રાજયો સાથેના સબંધો, મૈત્રિપૂર્વક રાખવા જોઈએ. આ મુદ્દા ઉપર રાજય નાગરિકોના વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર વ્યાજબી નિયંત્રણ મુકી શકે છે. ભારત સાથેના મૈત્રિ સબંધ ધરાવતા વિદેશી રાષ્ટ્ર સામે ભારતના તે દરેક રાષ્ટ્ર સાથેના સબંધને વિપરીત અસર થાય તેમ હોય તો તેવા કારણસર વાણી અને અભિવ્યક્તિના સ્વતંત્રતા ઉપર વ્યાજબી નિયંત્રણો મુકવા જરૂરી છે. હાલમાં ચીન ઉપર કોરોના વાયરસ ફેલાવવાના આક્ષેપો વચ્ચે ભારત અને ચીનના મૈત્રિપૂર્ણ સબંધો ઉપર તિરાડ સર્જાય તેવા કાર્ટુન, ફિલ્મ, વિડીયો, સંદેશા ફેલાવવા ઉપર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મુકેલ છે. વિદેશી રાજય સાથેના મૌત્રિપૂર્વક સબંધ એ બહુજ વ્યાપક અર્થ સંદર્ભ ધરાવે છે. ભારતના બંધારણની કલમ ૩૬૭(૩) માં વિદેશી રાજયનો અર્થ કરતા જણાવેલ છે કે વિદેશી રાજય એટલે ભારત સીવાયનું કોઈ રાજય અલબત્ત સંસદ દ્વારા કરવામાં આવેલા કોઈ કાયદાઓની જોગવાઈઓને આધિન રહીને રાષ્ટ્રપતિ આદેશ કરીને તે આદેશમાં દર્શાવેલા હેતુઓ માટે કોઈ રાજયને તે વિદેશી રાજય નથી તેમ જાહેર કરી શકશે. ભારતીય સંવિધાનના હેતુઓ માટે કોમનવેલ્થ કોઈ રાજય ઉપર વિપરીત અસર પડે તેવા વાણી સ્વાતંત્રતા ઉપયોગ ઉપર રાજય નિયંત્રણ મુકી શકે કે કેમ? તે બાબતે સર્વોચ્ચ અદાલતે જણાવ્યુંછે કે સંવિધાનના હેતુઓ માટે કોઈ રાજયને વિદેશી રાજય ગણવામાં આવ્યુ ના હોય અને બીજા હેતુઓ માટે કોઈ રાજયને વિદેશી રાજય ગણવામાં આવ્યું હોય તે બન્ને વચ્ચે વ્યવહારના હેતુ માટે વિદેશી રાજયો હોવાથી બંધારણની કલમ ૧૯(૨) ની મર્યાદામાં આવી જાય છે.

- તાજેતરમાં રાજય સરકારે જાહેનામા બહાર પાડી આચારસંહિતા અમલમાં મુકી છે તે પાળવી સાંપ્રત સમયમાં દરેક નાગરિકો માટે ફરજીયાત છે જાહેરનામા ભંગ બદલ કલમ ૧૪૪ મુજબ કાર્યવાહી કરી સજા ફરમાવવી શકાય છે.
- બંધારણની કલમ ૧૯(૨) મુજબ તેમાં સુધારા કરી પ્રતિબંધ પણ મુકવાની રાજયને સત્તા આપવામાં આવેલ છે : રાજયની સલામતી માટે નાગરીક સ્વતંત્રતાના હક્ક ઉપર પ્રતિબંધ મુકતો કાયદો કરવાની રાજયને છુટ છે

જાહેર સલામતી ખાતર જ વાણી અને અભિવ્યક્તિના સ્વતંત્રતા ઉપર નિયંત્રણ મુકી શકતા હતા. જાહેર વ્યવસ્થાના હિતાર્થે એક સામાયીકનો ભારતના રાજયમાં પ્રવેશ અટકાવવાના કાયદાને ગેરબંધારણીય ઠરાવેલ હતો. આ કેસના ચુકાદાની અસરને નાબુદ કરવા સંવિધાનમાં સુધારો કરીને જાહેર વ્યવસ્થા શબ્દો ઉમેરવામાં આવ્યા. ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૧૪૪ સામે આ બાબતે વાંધો ઉઠાવવામાં આવેલો હતો અને એવી દલીલ કરવામાં આવી હતી કે આ કલમની પ્રજાના વાણી અને અભિવ્યક્તિના સ્વંત્રતા ઉપર ગેરવ્યાજબી અને બીનજરૂરી નિયંત્રણ મુકાય છે. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ કે જાહેર સુલેહશાંતિની જાળવણી માટે જીલ્લા મેજીસ્ટ્રેટ આ હુકમ બહાર પાડી શકે છે. જેનું તમામ નાગરિકોએ પાલન ફરજીયાત કરવાનું રહે છે. જાહેરનામા ભંગ બદલ કલમ ૧૪૪ મુજબ કાર્યવાહી કરી સજા ફરમાવવામાં આવે છે.

એજ રીતે શિષ્ટાચાર અને નિતિમત્તા શબ્દો પણ ઘણો જ વ્યાપક અર્થ ધરાવે છે તેનું અર્થઘટન પણ કોઈ ચોક્કસ માળખામાં સ્થાઈ સ્વરૂપે કરી શકાય નહિ. શિષ્ટાચાર અને નિતિમત્તાના ધોરણો સ્થિતિસ્થાપક હોય છે અને તે સામાજીક પરિવર્તનની સાથે બદલાય છે જેમ કે સમાજમાં જે બાબત એક તબક્કે અશિષ્ટ કે અનૈતિક જણાતી હોય તે સમયાંતરે અશિષ્ટ કે

અનુસંધાન પાના નં ૫ પર

હાડ-હાડમાં હેત ભર્યું જેને, વેણ વેણ વરદાન, દેખ-ઘરેઘર એ જ બિરાજે, ભૂતળમાં ભગવાન

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

માને તો આકાશ જેટલું ચાહી શકાય,
દેવમૂર્તિની જેમ પૂજી શકાય.
પણ એ એવું કશું માગે - ઈચ્છે - વિચારેય નહિં !
એટલે જ દોસ્તની જેમ
એને ખભે કે ખોળામાં માથું મૂકી શકાય.
ઝગડીયે શકાય.

- ભગવતીકુમાર શર્મા

આજે સમગ્ર વિશ્વભરમાં જે મહામારીએ આતંક મચાવ્યો છે ત્યારે બધા જયાં છે ત્યાં પોતાની જાતને સાચવીને 'મા'ની સોડમાં લપાઈને બેઠા છે! આ 'મા' એટલે દરેક દરેક ઘરમાં રહેલી 'મા' અને 'માતૃભૂમિ' રૂપી 'મા ભારતી' પણ ખરી જ! આપણા દેશમાં અન્ય દેશ કરતાં પણ વિશેષ 'મા' નો મહિમા વર્ણવાયો છે અને 'મા' એ એના માટે વર્ષો સુધી ઘણા બધા ત્યાગ અને બલિદાન કર્યા પણ છે જ. રાતોરાત લોકડાઉન જાહેર થતાં જ ઘરમાં દરેક સભ્યની આંખમાં છલકી રહેલા પ્રશ્નો, વિમાસણ, ભય આ તમામના 'મા' એ પોતાની રીતે જવાબ આપ્યા અને ઘરેઘરમાં શાંતિ અને સંતોષની સુવાષ પ્રસરાવી.

ભારત દેશમાં આજે પણ વર્ષભરના અનાજ, કઠોળ અને જરૂરી તેલ-મસાલા ભરવાની પ્રથા હોવાને કારણે આપણે બધા અચાનક આવેલી આ આફતમાં સાવ અસહાય ન બની ગયા અને આ બાબતનો શ્રેય માત્ર અને માત્ર ઘરની સ્ત્રી, મા, 'વડીલ' ને ફાળે આવે છે. ઘરના વાતાવરણને હળવું રાખવું, ઘરમાં બધાને વ્યસ્ત રાખવા, પોતાના કામમાં રાતોરાત થયેલા વધારાને પણ 'મા' એ ખૂબ સરસ રીતે ભારત 'દેશના ઘર-ઘરમાં એક Super woman'ની જેમ Tackle (ટેકલ) કર્યું છે. ઘરના તમામ સભ્યો ગમે તેટલી મદદ કરે છતાં 'મા'નું કામ તો વધ્યું જ છે. 'મા' હવે મોબાઈલ હાથમાં લઈને શાંતિથી બધી Updates નથી જોઈ શકતી ! સવારે જયારે બધા સૂતા હોય ત્યારે બાલ્કનીમાં કે ઘરના ફળિયામાં કામ કરતાં - કરતાં આડોશ-પડોશની પોતાની સખી-સહેલીઓ સાથે થોડી ઘણી હળવાશની પળો માણવા સિવાય હવે તેની પાસે બીજી કોઈ 'Me' Time (ટાઈમ) નથી.

મોટા ભાગના ગુજરાતી પરિવારોમાં એકબીજાને મદદ કરવાની, સંપીને સાથે રહેવાની અને હળીમળીને કામ કરવાની ભાવના છે પણ છતાં જયારે ઘરમાં બધા સતત હાજર હોય ત્યારે ભાઈ-બહેન, બાપ-દીકરા કે સાસુ-વહુ વચ્ચે નાની-મોટી ખટપટ પણ થાય છે જ અને ત્યારે પણ 'મા' જ આ સમસ્યાનું સમાધન લાવતી હોય છે. કેટલાક ઘરોમાં પુરુષોનું જ એકહથ્થું શાસન હોય અને સ્ત્રીને બોલવાનો અધિકાર પણ ન હોય તેવા ઘરોમાં 'મા' ચૂપચાપ સહન કરીને ભૂખ્યા પેટે કે રડતા-રડતા સૂઈ જાય છે. પોતાના બાળકના હિત કે રક્ષણ માટે આ 'મા' માર ખાવા કે અપમાન સહેવા સુધીની તમામ પરિસ્થિતિનો 'કોરોના' ઉપરાંત સામનો કરે જ છે.તેને માટે આ લોકડાઉન અને કોરોના સિવાય બીજા અનેક અંગત પ્રશ્નો સામે લડવાનું ફરજ સમું હોય છે. 'મા'ની ખાનગી બચત ઘરખર્ચમાં, 'મા'ની જીવન જરૂરિયાત ચીજોની જાળવણી અને સંગ્રહ કરવાની ટેવ, 'મા'ની હસતા મોઢે ઘરના દરેકની પસંદગીની રસોઈ બનાવવાની ટેવ, 'મા'ની ઈષ્ટદેવને પૂજ્ય અને પ્રાર્થના સમગ્ર પરિવારને આ કટોકટીના સમયમાં એક તાંતણે બાંધીને રાખે છે; સુરક્ષિત રાખે છે.

અને આખા દેશભરની 'મા' ઉપરાંત આપણી ભારતભૂમિ એટલે કે 'મા ભારતી' ના રક્ષણની જવાબદારી આપણા સૌની સહિયારી છે. પોતાની 'મા' જયારે આટ-આટલું કરતી હોય ત્યારે માત્ર ઘરે રહીને આપણે તેના આ પ્રયત્નો, બલિદાનોને સાર્થક બનાવી શકીશું. આપણે સૌ 'મા'ના આ Extra efforts (પ્રયત્નો) ને જાણતા, સમજતા, અનુભવતા અને બિરદાવતા શીખીશું તો 'મા' સાચે જ ખૂબ ખુશ થઈ જશે!

Last Seen :
હાડ-હાડમાં હેત ભર્યું જેને
વેણ વેણ વરદાન,
દેખ-ઘરેઘર એ જ બિરાજે
ભૂતળમાં ભગવાન.

- મકરન્દ દવે

- nehalgadhavi101@gmail.com

કોરોનાસંકટમાં દલા તરવાડી રાજનેતાઓ થકી સ્વૈચ્છિક પગારકાપ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

પ્રદેશ, ગરીબ-તવંગર કે ધર્મ કે પછી નાતજાતના ભેદ વિના સમગ્ર વિશ્વને ભરડામાં લઈ રહેલા કોરોના વાયરસ (કોવિડ ૧૯)એ આતંક મચાવીને લાખો લોકોને પોતાના રાક્ષસી પંજામાં લઈ લીધા છે. આવા મહાસંકટના સમયે એકબાજુ, માનવતાની સરવાણીઓ પણ દેખા દે છે અને બીજીબાજુ, એ મુદ્દે આંતરરાષ્ટ્રીયથી લઈને સ્થાનિક મંચ પર એકમેક પર દોષારોપણ કરવાનાં કે રાજકારણ ખેલવાનાં વરવાં દ્રશ્યો પણ દેખા દે છે. સામાન્ય રીતે જે રાજનેતાઓ પર ભ્રષ્ટાચાર અને દુરાચારના આરોપ થતા હોય છે એ આવા માહોલમાં દાનશૂર બનેલા જોવા મળે છે. જોકે મૂળે તો પ્રજાની સેવા સાટે મેવા બાબત દલા તરવાડીની ભૂમિકામાં કાયમ જોવા મળતા સત્તાપક્ષ કે વિપક્ષના રાજનેતાઓ અત્યારે પોતાના સાંસદ કે ધારાસભ્ય નિધિમાંથી લાખો અને કરોડો રૂપિયા ફાળવવાનાં નિવેદનો કરીને પુણ્ય કમાઈ લેવાની સ્પર્ધામાં જોવા મળે છે. દલા તરવાડીની કથા યાદ છેને? કોઈકની વાડીએથી (અહીં પ્રજાની વાડી સમજવી) રીંગણાં ચોરનારા દલા તરવાડી ચોરીમાં પણ સ્વાવલંબી છે. પોતાને જ પ્રશ્ન કરે છે કે રીંગણાં લઉં બે-ચાર? અને ઉત્તર પણ પોતે જ વાળે છે : ''લેને દસ-બાર.'' સાંસદો કે ધારાસભ્યો લાખો અને કરોડોમાં આ ''રીંગણાં'' સત્તાવાર રીતે પોતાનાં ખિસ્સાંમાં સેરવે છે. પ્રજાના ચૂંટાયેલા ''સેવકો'' પોતે મહિને કેટલો ''પગાર'' લેવો અને કેટલાં ભથ્થાં લેવાં એ પણ પોતે જ ધારાગૃહોમાં સર્વાનુમતે નક્કી કરે છે! આવા પ્રજાના સેવકો કોરોનાગ્રસ્ત પ્રજાની વહારે ધાવા માટે પોતાના મહિનાના ''પગાર''ની રકમ દાન કરીને કવચકુંડળ દાનમાં આપનારા મહાપુરુષ કર્ણની શ્રેણીમાં પોતાનું નામ નોંધાવવા આતુર જોવા મળે છે.

દાન પણ પ્રજાના પૈસે

નવાઈ એ વાતની છે કે ખરા અર્થમાં દાનવીર ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજીની જેમ પોતાની અંગત કમાણીમાંથી ૧૨૦૦ કરોડ રૂપિયા ભલે આ રાજકીય દાનશૂરો ના આપે, પણ પ્રજાની સેવા સાટે જે મેવા દલા તરવાડી સ્વરૂપે લઈ રહ્યા છે અને જે પ્રજાની પરસેવાની કમાણીમાંથી જ કમાય છે એ મસમોટા પગાર અને એનાથીય મોટી રકમનાં ભથ્થાંની કમાણીમાંથી દાન કરી પોતે દાનેશ્વરી કર્ણ બનવા નીકળી પડ્યા હોય ત્યારે એ ખટકવું સ્વાભાવિક છે. કોઈ પોતાના પરસેવાની કમાણીમાંથી થોડા રૂપિયા દાન કરે કે શાળાનો વિદ્યાર્થી પોતાના પોકેટમનીમાંથી એકાદ રૂપિયાનું પણ દાન કરે તો એનું મહાત્મ્ય આ ભૂખડીબારસ રાજનેતાઓના દાન કરતાં વધુ છે. પ્રજાએ તો વિચારવાનું છોડી દીધું છે એટલું જ નહીં ઉલટાનું આવા મહાસંકટ ટાણે આવી વાત વળી કરાતી હશે, એવી સુફિયાણી સલાહ આપવા બેસી જવાની. અને છતાં સાચી વાત કહેવાની ત્રેવડ કમસે કમ અમારા જેવાએ તો રાખવી પડશે, જેથી પ્રજાની સામે ઓઝલ થતાં સત્યોનાં દર્શન થાય.

સ્તુત્યકૃત્યને ભાજપે વખોડ્યું

તેલંગણ રાજયના લોકપ્રિય મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ તો સામાન્ય રીતે પ્રજાના પૈસે ધાર્મિક સંસ્થાનોમાં કરોડોના ખર્ચે હોમ-હવન અને દાન-ધરમ કરવા માટે જાણીતા છે, પરંતુ કોરોનાસંકટ ટાણે એમણે અને તેમના મંત્રીમંડળના સભ્યો જ નહીં, બોર્ડ-નિગમ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના વડાઓએ પણ ૭૫ % પગારકાપ સ્વીકારીને એ સઘળી રકમ મુખ્યમંત્રી રાહત કોષમાં જમા કરાવીને કોરોના સંકટગ્રસ્તોના લાભાર્થે ખર્ચવાનો નિર્ણય કર્યો છે. ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ કેસીઆરે આ નિર્ણયની જાહેરાત કરી ત્યારે રાજધાની હૈદરાબાદ સહિત રાજયના દસ જિલ્લામાં કુલ ૬૧ લોકો કોરોનાગ્રસ્ત હતા અને બે વ્યક્તિનું આ ચેપથી મૃત્યુ થયાનું જાહેર થયેલું હતું.૩ એપ્રિલ ૨૦૨૦ના રોજ રાજયમાં કુલ ૨૨૯ જણને કોરોનાની અસર હતી, ૩૨ જણા સાજા થઈ ઘરે ગયા અને મૃત્યુનો આંક ૧૧નો હતો. કેસીઆર પોતાના પક્ષ તેલંગણ રાષ્ટ્ર સમિતિના સુપ્રીમો છે અને આંધ્રમાંથી અલગ તેલંગણ રાજ્ય મેળવાની ઝુંબેશના એ પ્રણેતા રહ્યા છે. એમના પ્રધાનો નહીં, ધારાસભ્યો, બોર્ડ-નિગમના અધ્યક્ષો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ૭૫ % પગારકાપ સ્વેચ્છાએ સ્વીકારી ચૂક્યા છે.અખિલ ભારતીય સેવાના આઈએએસ, આઈપીએસ જેવી કેડરના અધિકારીઓએ ૬૦ % પગારકાપ સ્વીકાર્યો છે. રાજ્ય સરકારના બીજા અધિકારીઓએ ૫૦ % અને ચોથા વર્ગના કર્મચારીઓએ ૧૦ % પગારકાપ સ્વેચ્છાએ સ્વીકાર્યો છે.

- **પ્રજાએ વિચારવાનું છોડી દીધું છેઃ એ તો સુફિયાણી સલાહ આપશે કે મહાસંકટ ટાણે આવી વાત કરાતી હશે!**
- **સરદાર પટેલનું નામ વટાવનારા રાજનેતાઓ એમના આદર્શોનું યોગાળું આચરણ કરી બતાવે એટલી અપેક્ષા**
- **તેલંગણ અને મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી-મંત્રીઓ અને અધિકારીઓએ સ્વૈચ્છિક પગારકાપ અમલી કરી બતાવ્યો**
- **સ્વૈચ્છિક પગારકાપના આગ્રહી વલ્લભભાઈના નિધન પછી ચ શાસકો-અધિકારીઓએ એનો અમલ કર્યો હતો**

ચોથા વર્ગના નિવૃત્ત કર્મચારીઓ પેન્શનમાં ૧૦ % કાપ અને બીજા નિવૃત્ત અધિકારી –કર્મચારીઓએ પેન્શનમાં ૫૦ % કાપ કબૂલ્યો છે. જાહેર ક્ષેત્રના એકમોના અન્ય તમામ કર્મચારીઓએ ૫૦ % સ્વૈચ્છિક પગારકાપ સ્વીકાર્યો છે. નવાઈ તો એ વાતની છે કે તેલંગણ ભાજપે સત્તાવાર નિવેદન બહાર પાડીને બિરદાવવા જેવા સ્વૈચ્છિક પગારકાપના પગલાને ''ઉતાવળિયું'' ગણાવીને વખોડવાનું પસંદ કર્યું છે! ભાજપનું નિવેદન કહે છેઃ ''આ અંતિમવાદી (એક્સ્ટ્રીમ) અને અસમર્થનીય કે અનુચિત (અન્વોરંટેડ) પગલું છે.'' કોરોનાસંકટ સામે લડવા માટે મહારાષ્ટ્રની શિવસેના-રાષ્ટ્રવાદી-કોંગ્રેસ સરકારે કર્મચારી-અધિકારી સંગઠનો સાથે મંત્રણા કરીને સ્વેચ્છાએ પગારકાપ અમલમાં લાવવાનો નિર્ણય કરવા ઉપરાંત એ અંગે સરકારી પરિપત્ર પણ કર્યો છે. નાયબ મુખ્યમંત્રી અને નાણાંમંત્રી અજિત પવારે ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ જાહેર કર્યું હતું ક